છૂટાછેડા મેળવેલ હોય તેવી અંધ, માનસિક/શારીરિક
વિકલાંગ પુત્રીઓને કુટુંબ પેન્શન મળવા બાબત.

ગુજરાત સરકાર,

નાણા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ-પરચ-૧૦-૨૦૧૦-એમ-૧-IWDMS-૧૨૨૯૪-પી.

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ- ૧૫/૦૫/૨૦૧૦.

વંચાણે લીધાઃ

(૧) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના પ્રકરણ-૧૦ના નિયમ-૮૭ થી ૯૩

(૨) નાણા વિભાગનો તારીખ-૦૮/૦૪/૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક-નવત-૨૦૦૧-ડી-૪૯૬-પી.

આમુખમાં જણાવેલ ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના પ્રકરણ -૧૦ના નિયમ- ૮૭ થી ૯૩ મુજબ હાલમાં ૨૫ વર્ષની ઉંમર સુધીના અપરિણીત પુત્ર /પુત્રીઓને આવક મર્યાદાના આધારે કુટુંબ પેન્શન મળવા પાત્ર થાય છે. અને અંધ, માનસિક/શારીરિક વિકલાંગ પુત્ર /પુત્રીઓને આવક મર્યાદા અને તબીબી પ્રમાણ પત્રના આધારે તેઓ લગ્ન ન કરે ત્યાં સુધી આજીવન કુટુંબ પેન્શન મળવા પાત્ર થાય છે.

## ઠરાવ

પુખ્ત વિચારણાના અંતે સરકારે શારીરિક વિકલાંગ હોય તેવી કાયદેસર છુટા છેડા મેળવેલ પુત્રીઓને આવક મર્યાદા અને તબીબી પ્રમાણ પત્રના આધારે તેઓ પુનઃ લગ્ન ન કરે ત્યાં સુધી, ઉંમરનો બાધ રાખ્યા સિવાય કુટુંબ પેન્શન મળવા પાત્ર થાય તેવો નિર્ણય કરેલ છે.

આ માટે આમુખ (૨) માં જણાવેલ તારીખ-૦૮/૦૪/૨૦૦૯ના પરિપત્ર મુજબ તબીબી પ્રમાણ પત્ર સામેલ કરવાનું રહેશે. હાલના પેન્શનર/ કુટુંબ પેન્શનરના કિસ્સાઓમાં પણ તેઓની પુત્રીઓએ, તેમના પિતા/માતા જે કચેરીમાથી નિવૃત/અવસાન પામ્યા હોય તે કચેરી મારફત નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર અથવા જે તે જિલ્લાના સ્થાનિક ભંડોળ હિસાબને નિયમોનુસાર દરખાસ્ત કરવાની રહેશે. અન્ય તમામ શરતો યથાવત રહેશે. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ના પ્રકરણ-૧૦ના નિયમ-૯૩ માં હવે પછી સુધારો કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ તારીખ-૦૧/૦૫/૨૦૧૦ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલજા પટેલ)
નાયબ સચિવ(પેન્શન)
નાણા વિભાગ

પ્રતિ,

- ૧. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ૨. માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.

----૨---

૩. માન. મંત્રીશ્રી / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રી ઓના અંગત સચિવશ્રીઓ,

૪. માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

• ૫. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

• ૬. રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.

• ૭. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

• ૮. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

• ૯. અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

• ૧૦. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

૧૧. સચિવાલયના સર્વે વિભાગો.

૧૨. એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડિટ–૧),ગુજરાત રાજ્ય,અમદાવાદ/ રાજકોટ.

૧૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ.),ગુજરાત રાજ્ય,અમદાવાદ/ રાજકોટ.

૧૪. નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

૧૫. પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા, / વડોદરા / ગાંધીનગર /અમદાવાદ.

૧૬. નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા સંકુલ, બ્લોક નં. ૧૭/૧૮, ગાંધીનગર.

૧૭. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.

૧૮. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

૧૯. સર્વે કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

૨૦. તમામ ખાતાના વડાઓ/ કચેરીઓ.

૨૧. સર્વે જિલ્લા સહાયક નિરીક્ષક.

૨૨. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

૨૩. તમામ બોર્ડ કોર્પોરેશન/યુનિવર્સીટીઓ અને જાહેર સાહસો.

૨૪. નાણા વિભાગની તમામ અધિકારીઓ/નાણા વિભાગની તમામ શાખાઓ

૨૫. સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.– વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.

૨૬. સર્વે માન્ય મંડળો.

પસંદગી ફાઇલ "પી" શાખા.

– બી વર્ગ ફાળવણી.

૦ પત્ર ધ્વારા.

--------